**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૪ ટકા

# આજે વિજયાદશમી : શહેરમાં શસ્ત્રપૂજન યોજાશે

## રાવણ દહન અને શસ્ત્રપૂજન સાથે આજે અનેક શુભકાર્યો કરાશે : શહેરમાં ઘેર ઘેર ફાફડા-જલેબી ખવાશે : લાંબી લાઈનો લાગશે

ગાંધીનગર, તા.૧૪

આજે અધર્મ પર ધર્મના વિજયનો ઉત્સવ એટલે વિજયાદશમી. શહેરમાં શસ્ત્રપૂજન અને વિજયાદશમી-દશેરાની ઉજવણી કરવામાં આવશે. દશેરા નિમિત્તે શહેરના વિવિધ વિસ્તારોના માર્ગો પર તથા શેરી અને સોસાયટીઓના મેદાનમાં રાવણ દહનું આયોજન કરાયું છે તેમજ આજે શસ્ત્રપૂજન કરવામાં આવશે. આસુરી વૃત્તિ પર વિજયની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગરમાં ફાફડા, જલેબી અને મીઠાઈની લિજ્જત માણવામાં આવશે.

નવરાત્રીમાં માતાજીની આરાધના પછી આજે દશેરાનો અવસર આવ્યો છે. આજનો આ અવસર માતાજીના નવ દિવસના યુધ્ધ પછી મહિસાસુર ઉપરના વિજયની અને શ્રીરામના નવ દિવસના ધમાસાણ યુધ્ધ પછી રાવણ ઉપરના વિજયની ઉજવણીનો અવસર છે. એવી માન્યતા છે કે રામે રાવણનો આજના દિવસે વધ કર્યો હતો. સાથે એવું પણ કહેવાય છે કે રાવણનો વધ કર્યો તે પહેલા રામે સમુદ્ર તટ પર ૯ દિવસ માં દુર્ગાની આરાધના કરી હતી અને દસમાં દિવસે તેમને વિજય પ્રાપ્તિ થઈ હતી. તો એક માન્યતા એવી પણ છે કે માં દુર્ગાએ નવ રાત્રી અને દસ દિવસ સુધી યુધ્ધ કર્યા બાદ રાક્ષસ મહિસાસૂરનો વધ કર્યો હતો. અસત્યરૂપી રાવણનો સત્ય રૂપી રામ દ્વારા વધ કરાયો તેથી વિજયાદશમીની ઉજવણી કરાય છે. યુધ્ધ બાદ સત્યને મળેલી જીતનાં અવસરે મીઠાઈ આરોગવામાં આવે છે ફાફડા, જલેબી, ગાંઠીયા જેવા નમકીન અને સ્વાદિષ્ટ વ્યંજનો આરોગી વિજયાદશમીની ઉજવણી કરવામાં આવે છે.

આજે ભગવાન બુધ્ધનો જન્મ થયો હતો અને એક માન્યતા મુજબ પાંડવો જયારે ૧૩ વર્ષના ગુપ્તવાસમાં હતા ત્યારે સમીના વૃક્ષની બખોલમાં હથિયાર છુપાવ્યા હતા અને આ હથિયાર આજના દિવસે બહાર કાઢી તેનું પૂજન કર્યું હતું. માટે આજે ક્ષત્રિયો, રાજપૂત અને રાજવી પરિવાર દ્વારા શસ્ત્રપૂજન કરવામાં આવે છે. આજના દિવસે દરેક પ્રકારના શુભ કાર્યો થાય છે. મકાન, દુકાનના ઉદઘાટન, નવા સાધનો, વાહનો ખરીદવા માટે આજનો દિવસ શુભ મનાય છે. આજે ઠેર ઠેર રાવણ દહનના કાર્યક્રમો થશે અને આતશબાજી સાથે અસત્ય પર સત્યના વિજયની ઉજવણી કરાશે.

### દશેરામાં ફાફડા-જલેબી કેમ ખાવામાં આવે છે?

દશેરા આમ તો બુરાઈ પર સારાઈના વિજયનું પ્રતિક છે પણ ગુજરાતીઓ માટે દશેરા એટલે ફાફડા



જલેબી ખાવાનું પર્વ. જલેબી અને ફાફડા સાથે એક પ્રાચીન કથા જોડાયેલી છે. ભગવાન શ્રી રામને જલેબી ખૂબ જ પસંદ હતી. એ સમયે જલેબીને શશકૌલી તરીકે ઓળખવામાં આવતી હતી આથી લોકો રામની રાવણ પર જીતને સેલિબ્રેટ કરવા આ દિવસે જલેબી ખાય છે. હિન્દુ સંસ્કૃતિમાં એવી માન્યતા છે કે તમારે ઉપવાસ ચણાના લોટથી જ તોડવો જોઈએ. આથી નવરાત્રિના નવ દિવસ પછી દશેરાના દિવસે જલેબી સાથે ફાફડા ખાવાની પરંપરા છે. આથી જ દશેરાના દિવસે ફરસાણની દુકાન બહાર લાંબી લાઈન જોવા મળે છે.

### જલેબી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક



આ સીઝનમાં જલેબી ખાવી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. સપ્ટેમ્બર અને ઓકટોબર એ સંધિઋતુનો કાળ છે. અત્યારે હવામાનમાં ખૂબ જ ફેરફાર આવતા હોય છે. જેને કારણે ઘણાને માઈગ્રેનની સમસ્યા થઈ જાય છે. ગરમાગરમ જલેબી ખાવાથી માઈગ્રેન થતો નથી. તેમાં ટિરામાઈન નામનું તત્વ હોય છે જે શરીરમાં સેરોટોનિન નામના તત્વને કંટ્રોલ કરે છે. દુધમાં જલેબી ડુબાડીને ખાવાથી વધુ ફાયદો થાય છે. ફાફડા જલેબી ખાવાથી બ્લડ શુગર કાબુમાં આવે છે.

## ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં ડૉ.અંકિત ભગાભાઈ ચૌધરીનું નામાંકન



ગાંધીનગર, તા.૧૪

રાજય સરકાર દ્વારા ડૉ. અંકિત ભગાભાઈ ચૌધરીનું ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં નામાંકન કરવામાં આવ્યું છે. જેઓ અત્યારે સરસ્વતિ ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ, ધણપમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. સંસ્થાના પ્રમુખ કે.જી. પટેલ તથા સંસ્થાના તમામ કર્મચારી તરફથી તેમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## ઉમા આર્ટસ અને નાથીબા કોલેજમાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૪

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અને ઈતિહાસ વિભાગનાં સંયુક્ત ઉપક્રમે 'છત્તીસગઢ નો ઈતિહાસ અને સંસ્કૃતિ' પર એક ડોક્યુમેન્ટરી ફિલ્મનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ કાર્યક્રમને રસપ્રદ બનાવ્યો હતો. સંસ્થાના આચાર્ય ડો. હરીતભાઈ પટેલે માર્ગદર્શન આપ્યું હતું. કમિટીના સભ્યોશ્રી ડો. મયૂરી પટેલ, ડો. હિના મહેતા અને પ્રા. બાબુભાઈ ની જહેમત તથા ઈતિહાસ વિભાગનાં અધ્યક્ષ ડૉ.કિરણભાઈ દવે અને પ્રા.અરુણભાઈ ગાવિતના વિશિષ્ટ સહકારથી કાર્યક્રમ સુંદર રીતે સંમ્પન થયો.

## ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલની ટીમ રમતગમતમાં પ્રથમ સ્થાને



ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર તાલુકા કક્ષાની કબડ્ડી, વોલીબોલ, ખો-ખોની ટુર્નામેન્ટ ગાંધીનગર ઈન્ટરનેશલ પબ્લિક સ્કૂલ, રાંધેજા મુકામે યોજાઈ હતી. જેમાં વોલીબોલમાં બિનહરીફ વિજેતા અને કબડ્ડીની ફાઈનલમાં પ્રતિ સ્પર્ધક ટીમને હરાવીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ગાંધીનગર જિલ્લા વ્યાયામ મંડળ દ્વારા આયોજિત ટુર્નામેન્ટમાં ભાગ લઈ ખૂબ જ સારું પ્રદર્શન જિલ્લા કક્ષાએ પણ કર્યુ હતું. જે બદલ શાળાના ટ્રસ્ટી, આચાર્ય અને શિક્ષક ગણે અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા કન્યા પૂજન





પ્રતિવર્ષ નવરાત્રીમાં શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા કન્યાપૂજન કરવામાં આવે છે. ભિલોડા તાલુકાની ગોઢ, ત્રેપન છાપરા તથા નવી ભેટાલી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી તમામ કન્યાઓનું પૂજન કરવામાં આવ્યું હતું. ૯૧ દિકરીઓને પગમાં પહેરવાના મોજા અને નાસ્તાના પેકેટ ભેટમાં અપાયા હતા. પ્રસાદમાં બધાને પેંડા અપાયા હતા. છોકરાઓને બિસ્કીટનું વિતરણ કરાયું હતું. સેવા સમિતિ તરફથી શ્રુતિ ગુપ્તેએ કન્યા પુજન કર્યું હતું અને આપણી સંસ્કૃતિ ઉજાગર કરી હતી.

## જન્મદિને વધામણી



કૃપા મહેતા

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ચાવડા વિશ્વરાજસિંહ વિજયસિંહ, ઉ.વ. ૧૪, પેથાપુર
- સ્વ. રાઠોડ હરજીભાઈ સુરાભાઈ, ઉ.વ.૬૬, સે-૨-બી
- સ્વ. જયેશ કેશવલાલ શ્રીમાળી, ઉ.વ. ૪૬, સે-૧૪
- સ્વ. શંકરભાઈ બેચરભાઈ પરમાર, ઉ.વ. ૭૭, સે-૨-બી

# શહેરમાં નવરાત્રીનો ઉમંગ પરાકાષ્ઠાએ

## શેરી ગરબામાં અંતિમ ચરણમાં ખેલૈયા ઉમટયા : પરંપરાગત માહોલ સાથે નવા ગરબા પણ ટ્રેન્ડમાં

●●●

**સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર**



સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરમાં નવરાત્રી પર્વની વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ઉમંગ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

●●●

**હરિ આલયમ સોસાયટી, સરગાસણ**



સરગાસણ ખાતે આવેલ હરિ આલયમ સોસાયટીમાં આઠમની મહાઆરતીનું આયોજન કરાયું હતું. જેમાં સમૂહ આરતીમાં સૌએ ભેગા મળી સાથીયાની પ્રતિકૃતિ તૈયાર કરી હતી.



●●●

**એસ.કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ**

એસ. કે.પટેલ કે.જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં નવરાત્રી પર્વની ઉજવણીમાં ઓનલાઈન ક્લાસમાં ભૂલકાઓએ કેડિયું, ચણિયાચોળી પહેરીને ગરબાની મજા માણી હતી. આચાર્ય દિપાલી જોષીએ ભૂલકાંઓને અને શાળાના પરિવારને નવરાત્રી પર્વ ની શુભેચ્છા પાઠવી હતી.

●●●

**એકતા ચોક ઉત્સવ સમિતિ, સેકટર-૮**

એકયા ચોક ઉત્સવ સમિતિ સેકટર-૨૮માં ગરબાનું આયોજન કરાયું હતું. આ સમિતિમાં ભાવનાબેન વી. ગઢવી (પ્રમુખ), કૈલાસ ડી. સંઘદીપ (ઉપપ્રમુખ), સરલાબેન એન. મહેતા (ટ્રેઝરર), નર્મદાબેન એમ.વાઘેલા (સંગઠન મંત્રી) તથા અંબિકાબેન જી. પરમાર (મહામંત્રી)નો સમાવેશ થાય છે. પ્રથમ દિવસે પૂર્વ નાયબ મેયર ગુજરાત ઓબીસી મોરચાના ઉપાધ્યક્ષ તથા જાગૃત સામાજિક કાર્યકર નાઝાભાઈ ઉપસ્થિત રહ્યા હતા. શકિતસ્વરૂપા મા અંબાની અર્ચના પૂજાના આ સાર્વજનિક જાહેર ઉત્સવમાં ઉત્સાહી સ્થાનિક યુવાન કાર્યકર પ્રણવ ઠાકર, વિજય પરમાર, દિલીપ સંઘદીપ, કલ્પેશ પરમાર, સલીમ મનસુરી અને અન્ય શકિતપૂજક યુવાનોની ભૂમિકા સરાહનીય રહી હતી.

●●●

**સે-૨૩, કોમન પ્લોટ, અષ્ટ ગ્રુપ**

સે-૨૩ના કોમનપ્લોટ આરંભ, આંગન, શ્રીધર, તેજસ અને ખાનગી પ્લોટના રહીશોનાં અષ્ટ ગ્રુપ દ્વારા શેરી ગરબા યોજાયા હતા. ઉપરાંત દુર્ગાષ્ટમીના દિવસે વિસ્તારના નગર સેવકોની ઉપસ્થિતિમાં મહાઆરતીનું સુંદર આયોજન કરાયું હતું. અષ્ટ ગ્રુપના સર્વે કાર્યકરો દ્વારા સમગ્ર તૈયારીઓ કરવામાં આવી હતી.

●●●

**કલેહર માતાજી મંદિર, સે-૫**



કલેહર માતાજીના મંદિરે આઠમના દિવસે સધી માતાના ફૂલનો ગરબો કરવામાં આવ્યો હતો. તેના ભાગરૂપે કલેહર માતાજીના મંદિરે ફૂલના ગરબે બહેનો માથે ગરબો લઈ ચાચરના ચોકમાં ગરબે ઘુમી હતી.

●●●

**સેકટર-૭-એ વસાહત મંડળ**



સેટર-૭-એ વસાહત મંડળ આયોજીત નવરાત્રિ મહોત્સવમાં આઠમના નોરતે ગરબાની રમઝટ જામી હતી. ગરબે ઘૂમતી ૮૦ મહિલાઓને કચ્છી ઓઢણીની લ્હાણી કરવામાં આવી હતી. મહા આરતીના દિપ પ્રગટાવીને ૨૦૦ જેટલા માઈભકતોએ આરતી દ્વારા માની આરાધના કરી આનંદ વ્યકત કર્યો હતો અને મહાપ્રસાદનું વિતરણ કર્યું હતું.

●●●

**સિધ્ધેશ્વર હોમ્સ-રાંધેજા**



સિધ્ધેશ્વર હોમ્સ રાંધેજામાં નવરાત્રી મહોત્સવનું સુંદર આયોજન કરાયું હતું. જેની નોંધ યુ ટયુબના માધ્યમથી અનેક લોકોએ મેળવી છે. આયોજક મંડળ તરફથી ૩૫૧ દિવાની નવ દુર્ગા મહાઆરતી સોનલબેન મહેતાએ કરી હતી. વેશભૂષામાં સોસાયટીના તમામ સભ્યોએ ભાગ લઈ આનંદ માણ્યો હતો. રંગતાલ ફી સ્કૂલ તથા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ખેલૈયાઓને ઈનામ વિતરણ કરાયું હતું. રાજયના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ યુ ટયુબના માધ્યમથી તાગ મેળવી વિરેશભાઈ મહેતા તેમજ ટીમના તમામ આયોજકોને શુભેચ્છા પાઠવી હતી. ગાયક કલાકાર તરીકે રતનસિંહ વાઘેલા હતા તેમજ તારીખ ૧૫ને દશેરાના રોજ રકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

●●●

**સેકટર-૨સી**



સેકટર-૨સીમાં સતિષભાઈ ભાવસારના ઘરેથી અંબે માતાનો ગરબો ચોકમાં લાવ્યા હતા. જેમાં આઠમના દિવસે હવન કરવામાં આવ્યો હતો અને રાત્રે દીવડાની મહાઆરતી કરી પ્રસંગને સુશોભિત કરવામાં આવ્યો હતો.

●●●

**જે.એસ.જી. સંગિની ફોરમ**




સંગિની ફોરમ ગ્રુપે સંગિની ઝોન કોઓર્ડિનેટર નીતિકાબેન શાહની ઉપસ્થિતિમાં નવરાત્રિના પાંચમા દિવસે અને સંગીનીનો સાતમો પ્રોગ્રામ ખૂબ જ આકર્ષક અને સુંદર ગરબાનો કાર્યક્રમ સોરઠ રેસ્ટોરાના બેન્કવેટમાં કર્યો હતો. ઢોલ નગારાની તાલ પર સંગિનીઓ દિલ ખોલીને ગરબે ઘૂમી હતી. ગરબા સ્પર્ધા તથા આરતી થાળી સુશોભન સ્પર્ધા પણ યોજાઈ હતી. કમિટી મેમ્બર રૂપાબેન શાહે સરસ એન્કરિંગ કર્યું હતું. પ્રોગ્રામની શરૂઆત રીનાબેન દસાડિયા, જાગૃતિબેન શાહે કરી હતી. જજની ભૂમિકામાં આશાબેન અડાલજા હતા. જેમાં બેસ્ટ ગરબા સ્પર્ધામાં જાગૃતિબેન લાખાણી પ્રથમ ક્રમે, જાગૃતિબેન સંઘવી બીજા ક્રમે, બેસ્ટ ડ્રેસ માટે પ્રથમ ક્રમે નૂતનબેન જૈન, બીજા ક્રમે શિલ્પાબેન સંઘાણી, બેસ્ટ પર્ફોમન્સ માટે પ્રથમ ક્રમે ક્રિષ્નાબેન કપાસી, બીજા ક્રમે ખુશ્બુબેન વોરા, બેસ્ટ આરતીની થાળી કોમ્પિટિશનમાં પ્રથમ સૂચીબેન મહેતા, બીજા ક્રમે મોહીનીબેન જૈન વિજેતા બન્યા હતા. વિજેતા સ્પર્ધકોને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

●●●

**તિથિ રેસીડેન્સી, સરગાસણ**



તિથી રેસીડેન્સી ખાતે વેશભૂષા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સોસાયટીના બાળકો તતા દરેક સભ્યોએ સુંદર વેશભૂષામાં નવરાત્રી પર્વની ઉજવણી કરી હતી.



●●●

**સત્વ રેસીડેન્સી, કુડાસણ**

કુડાસણની સત્વ રેસીડેન્સીમાં વેશભૂષા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સોસાયટીના રહીશોએ સુંદર સુંદર પહેરવેશ પહેરીને ગરબા રમ્યા હતા.



●●●

**ઉનાવા**

ઉનાવા ખાતે ગરબાની રમઝટ બોલાવી નવરાત્રી પર્વની રહીશો દ્વારા ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.